RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

પ્રજા પંખ સત્યમેવ જયતે

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૨૬ (સુરત) તા.૩૧/૦૩/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-26 SURAT DATE-31/03/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 ચૂંટણી પહેલા મહુવામાં રાજકીય ભૂકંપ, ડૉ. કનુભાઈ કળસરિયા ફરી મેદાને, ૮ જિલ્લા અને ૩૪ તાલુકા પંચાયતની બેઠકો માટે જાહેરાત

2 સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે મહત્વના સમાચારઃ લેઝર શો અને નર્મદા આરતીના સમયમાં ફેરફાર

3 પ્રજા પંખ અખબારને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સુરત તરફથી વિશેષ સન્માન, લોક અદાલત જાગૃતિમાં નોંધપાત્ર યોગદાન

3 વેરામાં ૧૦૦% વ્યાજ માફી છતાં ૮૦૦ કરોડમાંથી માત્ર ૧૩૫ કરોડની વસૂલાત

## વિશ્વમાં પેટ્રોલ-ડીઝલનું સંકટ, આપણે એક થઈને પડકારોનો સામનો કરીશું: 'મન કી બાત'માં વડાપ્રધાન મોદીની અપીલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૧૩૨ મા એપિસોડ દ્વારા દેશને સંબોધન કર્યું હતું. વર્તમાનમાં અમેરિકા, ઇઝરાયલ અને ઇરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વૈશ્વિક અસરો પર ચિંતા વ્યક્ત કરતા વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે, ભારત આ પડકારજનક સ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છે.



વડાપ્રધાને જણાવ્યું હતું કે, જે વિસ્તારમાં અત્યારે યુદ્ધ ચાલી રહ્યું છે, તે વિશ્વની ઉર્જા જરૂરિયાતોનું મુખ્ય કેન્દ્ર છે. આ સંઘર્ષના કારણે વિશ્વભરમાં પેટ્રોલ અને ડીઝલના પુરવઠા પર અસર પડી રહી છે અને સંકટ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તેમણે ઉમેર્યું કે, 'છેલ્લા એક દાયકામાં ભારતે જે સામર્થ્ય કેળવ્યું છે અને આપણા જે વૈશ્વિક સંબંધો છે, તેના કારણે આપણે આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ મક્કમતાથી ટકી રહ્યા છીએ.'

વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને ખાસ વિનંતી કરતા કહ્યું કે, 'ચોક્કસપણે આ સમય પડકારજનક છે, પરંતુ આપણે એકજૂથ થઈને આમાંથી બહાર નીકળવાનું છે.' તેમણે અફવા ફેલાવનારાઓ સામે આકરા પ્રહારો કરતા કહ્યું કે, જે લોકો આ ગંભીર વિષય પર રાજનીતિ કરી રહ્યા છે, તેમણે સમજવું જોઈએ કે આ ૧૪૦ કરોડ ભારતીયોના હિતનો વિષય છે.

નાગરિકોએ માત્ર સરકાર દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ ભરોસો રાખવો જોઈએ. અફવાઓને કારણે દેશના નાગરિકોને ન માત્ર સમસ્યાઓનો સામનો વકરો પડે છે પરંતુ સ્થિતિ પણ વિપરિત બની જતી હોય છે.

યુદ્ધની સ્થિતિ વચ્ચે ખાડી દેશોમાં વસતા ૧ કરોડથી વધુ ભારતીયો અંગે વડાપ્રધાને આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, 'વર્તમાનમાં આપણા પડોશમાં એક મહિનાથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આપણા લાખો પરિવારોના સગા-સંબંધીઓ ત્યાં રહે છે. હું ખાડી દેશોનો આભારી છું કે તેઓ ત્યાં વસતા ભારતીયોને દરેક પ્રકારે મદદ કરી રહ્યા છે.' વડાપ્રધાને ૨૦૨૬ ના માર્ચ મહિનાની હલચલનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આખી દુનિયા એવી અપેક્ષા રાખતી હતી કે કોરોના સંકટ બાદ પ્રગતિ થશે, પરંતુ સતત યુદ્ધ અને સંઘર્ષની પરિસ્થિતિઓ સર્જાતી રહી છે. જોકે, તેમણે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જેમ ભારતે ભૂતકાળમાં મોટા સંકટોને હરાવ્યા છે, તેમ આ ઉર્જા સંકટમાંથી પણ આપણે સુરક્ષિત રીતે બહાર આવીશું.

## યુદ્ધ વચ્ચે ઈરાન સરકારમાં તિરાડ! રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન અને IRGC પ્રમુખ કેમ બાખડ્યા



છેલ્લા એક મહિનાથી અમેરિકા અને ઈઝરાયલ સામે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે ઈરાનમાં આંતરિક ખેંચતાણ તેજ બની છે.

'ઈરાન ઈન્ટરનેશનલ'ના રિપોર્ટ અનુસાર, ઈરાનના રાષ્ટ્રપતિ મસુદ પેઝેશ્કિયાન અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ ના ચીફ કમાન્ડર અહેમદ વાહિદી વચ્ચે યુદ્ધની વ્યૂહરચના અને દેશની કથળતી આર્થિક સ્થિતિ બાબતે ગંભીર વિખવાદ સર્જાયો છે. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન પડોશી રાષ્ટ્રો પર થઈ રહેલા હુમલાઓ અને વધતા જતા તણાવના પક્ષમાં નથી, જ્યારે બીજી તરફ IRGC આ જંગને હજુ વધુ ખેંચવા માંગે છે.

રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાનનું માનવું છે કે જો તાત્કાલિક સીઝફાયર કરવામાં નહીં આવે, તો આગામી ત્રણ અઠવાડિયા કે એક મહિનામાં ઈરાનની અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે તબાહ થઈ જશે. તેમણે અગાઉ ખાડી દેશો પર થયેલા હુમલા માટે માફી પણ માંગી હતી અને આવા હુમલા રોકવા સૂચના આપી હતી, છતાં IRGC દ્વારા હુમલા ચાલુ રખાયા છે. રાષ્ટ્રપતિએ તમામ એક્ઝિક્યુટિવ પાવર સરકારને સોંપવાની માંગ કરી છે, જેને કમાન્ડર અહેમદ વાહિદીએ ફગાવી દીધી છે.

આ સત્તા સંઘર્ષમાં IRGCએ વર્તમાન સ્થિતિ માટે સરકારને જવાબદાર ઠેરવી છે.

## ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ અને અનાજનો પુરવઠો ખોરવાશે નહી! રાજય સરકારે હાઈલેવલ કમિટીઓની રચના કરી

વૈશ્વિક સ્થિતિને કારણે દેશમાં ઊભી થયેલી સ્થિતિને જોતાં રાજયમાં પેટ્રોલ, ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓ નો પુરવઠો જળવાઈ રહે તે માટે ગુજરાત સરકારે કમર કસી છે. સરકાર દ્વારા સપ્લાય ચેઈનમાં પડતી અડચણોને દૂર કરવા અને કાળાબજાર રોકવા માટે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાની અને કલેક્ટરના નેતૃત્વમાં જિલ્લા કક્ષાની સમિતિઓની જાહેરાત કરવામાં આવી છે.



રાજય કક્ષાની આ સમિતિ મુખ્ય સચિવના અધ્યક્ષપદે કાર્યરત રહેશે, જેમાં વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિનું પ્રાથમિક કાર્ય રાજયભરમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી, પીએનજી અને અનાજ જેવા પદાર્થોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનું રહેશે. આ ઉપરાંત, જરૂરિયાત મુજબ આંતર-જિલ્લા સ્તરે જથ્થાની ફાળવણી અને હેરફેર માટે આ સમિતિ સીધા દિશાનિર્દેશો આપશે.

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હોસ્પિટલો, જાહેર પરિવહન અને સસ્તા અનાજની દુકાનો જેવા અતિ આવશ્યક સેવાકીય ક્ષેત્રોમાં પુરવઠો જરા પણ ખોરવાય નહીં તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. રાજય સમિતિ દૈનિક સ્ટોક રિપોર્ટીંગનું નિરીક્ષણ કરશે અને જરૂર પડ્યે કેન્દ્ર સરકાર સાથે સંકલન સાધીને પુરવઠાની ખાતરી કરશે જેથી કોઈ પણ ક્ષેત્રે અછત જેવી સ્થિતિ ઊભી ન થાય. જિલ્લા કક્ષાએ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસ અધિક્ષકની બનેલી સમિતિ સ્થાનિક સ્તરે કડક નજર રાખશે. દરેક જિલ્લામાં સ્પેશિયલ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે, જે નિયત સમયે રાજય કક્ષાએ રિપોર્ટીંગ કરશે.

## ભારતમાં મોટા આતંકી હુમલાનું કાવતરું નિષ્ફળ! દિલ્હી બોર્ડર પરથી ઝડપાયો લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી

સુરક્ષા એજન્સીઓએ દિલ્હી બોર્ડર પરથી લશ્કર-એ-તૈયબાના આતંકી શબ્બીર અહમદ લોનની ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ આતંકી બાંગ્લાદેશમાં રહીને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIS ના ઈશારે લશ્કરનું નવું મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો. દિલ્હી પોલીસ અને સુરક્ષા દળોએ મળેલી ગુપ્ત માહિતીના આધારે જાળ બિછાવીને તેને દિલ્હી બોર્ડર પરથી દબોચી લીધો છે. તે ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરવાના મિશન પર હતો. હાલ એજન્સીઓ તેની પૂછપરછ કરી રહી છે કે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં



તેના અન્ય કેટલા સાથીઓ છુપાયેલા છે. શબ્બીર અહમદ લોન સુરક્ષા એજન્સીઓ માટે નવું નામ નથી. આ અગાઉ વર્ષ ૨૦૦૭માં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે તેને AK-૪૭ અને ગ્રેનેડ જેવા ઘાતક હથિયારો સાથે પકડ્યો હતો. તે સમયે પણ તેના તાર સીધા હાફિઝ સઈદ સાથે જોડાયેલા હતા. આ ગુનામાં તે વર્ષ ૨૦૧૮ સુધી દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી ચૂક્યો છે. જેલમાંથી બહાર આવ્યા બાદ તે ફરી સક્રિય થયો હતો અને બાંગ્લાદેશને પોતાનું નવું ઠેકાણું બનાવીને ભારત વિરોધી ઓપરેશન હેન્ડલ કરવા લાગ્યો હતો.

નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હી અને દક્ષિણ ભારતમાંથી લશ્કરના અન્ય મોડ્યુલનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ મોડ્યુલે દિલ્હી અને કોલકાતામાં અનેક જગ્યાએ ભારત વિરોધી પોસ્ટરો પણ લગાવ્યા હતા. આ આતંકીની ધરપકડથી દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને મોટી સફળતા મળી છે અને સંભવિત આતંકી ષડયંત્રોનો પર્દાફાશ થવાની શક્યતા છે.

## દેશમાં એલપીજી સંકટ વચ્ચે પેટ્રોલ પંપ પર કેરોસીનના વેચાણને મંજૂરી

નવી દિલ્હી: મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતીય ધ્વજવાળા વધુ બે જહાજે સલામત રીતે હોર્મુઝની ખાડી પાર કરી દીધી છે અને તે આગામી કેટલાક દિવસમાં ભારતીય દરિયા કિનારે પહોંચી જવાની શક્યતા છે.

આ જહાજો પર દેશની એક-બે દિવસની જરૂરિયાત પૂરી કરે તેટલો એલપીજી લદાયેલો છે. દેશમાં એલપીજીના સંકટનો સામનો કરવા સરકાર અનેક પગલાં લઈ



રહી છે ત્યારે લાંબા સમય પછી બજારમાં કેરોસીનનું પુનરાગમન થયું છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ પંપો પર કેરોસીનના વેચાણ માટે લાઈસન્સિંગના નિયમોમાં અસ્થાયી છૂટ આપી છે.

## ધાર્મિક સ્વતંત્રતાના અધિકારમાં જાહેર રજાની માગણી સામેલ નથી : સુપ્રીમ

નવી દિલ્હી : ધાર્મિક તહેવારો પર જાહેર રજાઓની વધી રહેલી માગણીઓ વચ્ચે સુપ્રીમ કોર્ટે એક સ્પષ્ટતા કરી છે. સુપ્રીમે કહ્યું છે કે બંધારણના આર્ટિકલ ૨૫ હેઠળ લોકોને જે ધાર્મિક સ્વતંત્રતાના અધિકારો મળ્યા છે તેમાં ધાર્મિક તહેવારો સમયે જાહેર રજાની માગણી કરવાનો અધિકાર સામેલ નથી, ધાર્મિક તહેવારોએ જાહેર રજાઓ સરકારનો નીતિગત નિર્ણય છે.


સુપ્રીમ કોર્ટે એવુ પણ અવલોકન કર્યું હતું કે ભારતમાં પહેલાથી જ અનેક જાહેર રજાઓ આવે છે એવામાં વધુ એક જાહેર રજાની માગણી સ્વીકારી શકાય નહીં. ગુરુ ગોવિંદસિંહની જયંતિ પર પુરા દેશમાં રજા જાહેર કરવામાં આવે તેવી માગણી કરતી એક જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ અવલોકન કર્યું હતું. સાથે જ ગુરુ ગોવિંદસિંહના વખાણ પણ કર્યા હતા. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મેહતાની બેંચે કહ્યું હતું કે ગુરુ ગોવિંદસિંહજી પ્રત્યે ભારે સન્માન છે. તેઓ ન્યાય, કર્તવ્ય પ્રત્યે અતુટ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે.



સુપ્રીમે કહ્યું કે અરજીમાં જે માગ કરાઇ છે તે પાછળની ભાવના સન્માનનીય છે. પરંતુ આ મામલામાં ન્યાયિક દખલ આપવી શક્ય નથી. ધાર્મિક તહેવારો સમયે જાહેર રજાનો નિર્ણય લેવો તે સરકારની નીતિની બાબત છે અને તેમાં કોર્ટ દખલ ના આપી શકે. સુપ્રીમે કહ્યું હતું કે એક તરફ બંધારણ દ્વારા અપાયેલી ધાર્મિક સ્વતંત્રતા એક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા કે અધિકાર આપે છે. જોકે રાજયો પાસેથી જાહેર રજાઓ અપાવવાનો અધિકાર આ ધાર્મિક સ્વતંત્રતામાં સામેલ નથી. રાજયો કે કેન્દ્ર સરકાર ઇચ્છે તો આ અંગે નિર્ણય લઇ શકે છે, સામાન્ય રીતે જાહેર રજાઓનો નિર્ણય સ્થાનિક જરૂરિયાતો, સામાજિક સાંસ્કૃતિક સ્થિતિ પર આધાર રાખે છે. ભારત જેવા વિવિધતાપૂર્ણ દેશમાં પહેલાથી જ અનેક ધાર્મિક તહેવારો પર જાહેર રજાઓ અપાય છે, ભિન્નતાને ભેદભાવ ના માની શકાય. બેંચમાં સામેલ ન્યાયાધીશ સંદીપ મેહતાએ ટિપ્પણી કરી હતી કે ભારત પહેલાથી જ હોલીડેનો દેશ છે.

## નીતિશ કુમારે MLC પદ છોડ્યું પણ CM પદ અંગે સસ્પેન્સ, બિહારના રાજકારણમાં ઉથલપાથલ

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને લઈને છેલ્લા કેટલાક કલાકોથી ચાલી રહેલી અટકળો પરથી આંશિક રીતે પડદો ઊંચકાયો છે. નીતિશ કુમારે બિહાર વિધાન પરિષદ ના સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે.




JDU ના વરિષ્ઠ નેતા અને મંત્રી વિજય કુમાર ચૌધરીએ પુષ્ટિ કરી છે કે નીતિશ કુમારનું રાજીનામું પત્ર લઈને MLC સંજય ગાંધી વિધાન પરિષદ પહોંચ્યા છે. જોકે, સભાપતિની ગેરહાજરીને કારણે હજુ સુધી સત્તાવાર જાહેરાત થવાની બાકી છે, પરંતુ આ ઘટનાક્રમે બિહારના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે.

નીતિશ કુમારે MLC પદ છોડ્યું છે, પરંતુ તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર ક્યાં સુધી રહેશે તે અંગે મોટો સસ્પેન્સ સર્જાયો છે. હાલમાં જ નીતિશ કુમાર રાજયસભા માટે નિર્વાચિત થયા છે. નિયમ મુજબ, રાજયસભાના સભ્ય બન્યા બાદ તેમણે વિધાન પરિષદનું સભ્યપદ છોડવું પડે છે. ટેકનિકલ રીતે જોવામાં આવે તો, MLCપદ પરથી રાજીનામું આપ્યા બાદ પણ નીતિશ કુમાર આગામી ૬ મહિના સુધી મુખ્યમંત્રી પદ પર રહી શકે છે. પરંતુ સવાલ એ છે કે શું તેઓ રાજયસભામાં જશે કે બિહારના મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેશે?

રાજકીય ગલીયારાઓમાં એવી ચર્ચા છે કે નીતિશ કુમાર આગામી દિવસોમાં મુખ્યમંત્રી પદેથી પણ રાજીનામું આપી શકે છે. વિજય કુમાર ચૌધરીએ મીડિયા સમક્ષ રાજીનામું બતાવ્યું હતું, જેનાથી સ્પષ્ટ થાય છે કે નીતિશ કુમાર હવે દિલ્હીના રાજકારણમાં સક્રિય થવાની તૈયારી કરી રહ્યા છે.

आज प्रजा पंख मे.....

-दबंग -



थोड़ा आगे, थोड़ा पीछे
चलती का नाम गाड़ी,
चलाने वाले में जब दम है
रोकने से रुकती नहीं गाड़ी !

दबंग कहेता जमाना उसे
हैसियत पे खुद के जीता,
दुनिया की कहाँ पड़ी उसे
मस्ती में उसकी हस्ती !

कठिनाई से लड़ते
मुसीबत में हसते,
कोई क्या बिगाड़े उसका
खुद को जो दाव पे लगाते !

किस्मत को आज़माते,
जमाने को पीछे छोड़ते,
दुनिया झुकती है
झुकाने वाला चाहिए !!

-अश्विन, अटपटा

# ચૂંટણી પહેલા મહુવામાં રાજકીય ભૂકંપ, ડો. કનુભાઈ કળસરિયા ફરી મેદાને, ૮ જિલ્લા અને ૩૪ તાલુકા પંચાયતની બેઠકો માટે જાહેરાત

## વર્ષ ૨૦૧૦ માં પણ કનુભાઈએ ભાજપ સહિતના પ્રસ્થાપિત પક્ષો સામે બગાવત કરી 'સદભાવના મંચ' દ્વારા ચૂંટણી લડીને સફળતા મેળવી હતી.



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાવનગરના મહુવા પંથકમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. પૂર્વ ધારાસભ્ય અને જાણીતા સામાજિક કાર્યકર ડો. કનુભાઈ કળસરિયાએ આગામી પંચાયત અને પાલિકાની ચૂંટણીઓને લઈ મોટી જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ કોઈ પણ મોટા રાજકીય પક્ષ સાથે જોડાણ કર્યા વગર 'સદભાવના મંચ'ના નેજા હેઠળ અપક્ષ તરીકે ચૂંટણી લડશે.

કનુભાઈ કળસરિયાએ મહુવા સર્કિટ હાઉસ ખાતે આયોજિત એક બેઠકમાં પોતાની વ્યૂહનીતિ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મહુવા તાલુકાની જિલ્લા પંચાયતની ૮ બેઠકો અને તાલુકા પંચાયતની તમામ ૩૪ બેઠકો પર સદભાવના મંચ પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારશે. જનતાના કલ્યાણ અને ન્યાય માટે લડવાના મક્કમ નિર્ધાર સાથે તેઓ ફરી એકવાર સક્રિય રાજકારણમાં પરત ફર્યા છે.

વર્ષ ૨૦૧૦ માં પણ કનુભાઈએ ભાજપ સહિતના પ્રસ્થાપિત પક્ષો સામે બગાવત કરી 'સદભાવના મંચ' દ્વારા ચૂંટણી લડીને સફળતા મેળવી હતી. લાંબા સમયના વિરામ બાદ ફરી એકવાર કનુભાઈ મેદાનમાં આવતા ભાજપ અને કોંગ્રેસ જેવા મુખ્ય પક્ષોના ગણિત બગડે તેવી પૂરેપૂરી શક્યતા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, 'અમે જનતાના પ્રશ્નો અને ન્યાય માટે લડી રહ્યા છીએ, એટલે જ કોઈ પક્ષ સાથે જોડાણ કરવાને બદલે સ્વતંત્ર રીતે મેદાનમાં ઉતરવાનો નિર્ણય લીધો છે.

કનુભાઈ કળસરિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, પંચાયતની ચૂંટણીઓ લોકશાહીનો પાયો છે અને મહુવાની જનતા હંમેશા પરિવર્તનમાં માને છે. સદભાવના મંચ દ્વારા દરેક બેઠક પર મજબૂત ઉમેદવારી નોંધાવીને જનતાના પડતર પ્રશ્નોને વાચા આપવાનો આ પ્રયાસ છે. તેમની આ જાહેરાતને પગલે સ્થાનિક સ્તરે રાજકીય સમીકરણો તેજીથી બદલાઈ રહ્યા છે.

# તંત્રી લેખ........

## વૉર પોલ્યૂશન : વાતાવરણમાં બ્લાસ્ટ થતો ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનનો ઘાતક બોમ્બ

રશિયા-યુક્રેન યુદ્ધ કરે કે અમેરિકા-ઈઝરાયલ મળીને ઈરાન પર હુમલો કરે - આપણે શું? યુદ્ધગ્રસ્ત દેશમાં નાગરિકો ફસાયા હોય તો વાજબી રીતે ચિંતા થાય છે, વેપારને અસર થવાની હોય તો ચિંતા થવી જોઈએ. પરંતુ તેનાથી પ્રદૂષણ ફેલાય છે એની ચિંતા કોને છે? યુ દ્ધથી કેવો વિનાશ વેરાય છે? હજારો લોકો જીવ ગુમાવે છે. હજારો લોકો ઈજાગ્રસ્ત થઈને આજીવન પીડા ભોગવે છે. લાખો લોકો માટે યુદ્ધ એવી સંતાપની ચિતા જલાવે છે એમાં એ આજીવન સળગ્યા કરે છે. જીવ ગુમાવનારા કરતાં પણ વધુ કમનસીબ એ લોકો છે જેમના હૃદયમાં સ્વજનો ગુમાવવાની પીડા પળપળ કાંટાની જેમ ખટકતી રહે છે.

સેંકડો ઈમારતો ધરાશાયી થઈને કાટમાળમાં ફેરવાય જાય છે. મકાનો પર મિસાઈલો પડે છે ત્યારે માત્ર એ મકાન પર નથી પડતી, મકાન બનાવનારાના સપનાઓ પર પણ પડે છે - જે કાટમાળની સાથે ચૂરેચૂરા થાય છે. મકાનોની સાથે જે ચીજવસ્તુઓનો નાશ થાય છે ત્યારે માત્ર એ ચીજવસ્તુઓનો નાશ નથી થતો, એને જતનથી રાખનારા લોકોના સ્મરણો પણ નાશ પામે છે.


યુદ્ધ વખતે કે યુદ્ધ પૂરું થાય પછી મૃતકો અને ઈજાગ્રસ્તનો આંકડો મેળવાય છે. મકાનો-હોસ્પિટલો-શાળાઓ ધરાશાયી થાય એની નુકસાનીનો અંદાજ લગાવાય છે. કેટલા સૈનિકો મર્યા અને કેટલા શસ્ત્રોનો ખાતમો બોલ્યો એનો હિસાબ થાય છે. કેટલા વિમાનો તોડી પડાયા ને કેટલી સબમરીન ડૂબી ગઈ એનુંય સરવૈયું નીકળે છે, પણ જેમના હૃદયમાં યુદ્ધથી ઊંડા જખમ થયા હોય એનો કોઈ હિસાબ માંડી શકાતો નથી. ઘર તૂટે તો કદાચેય એનું વળતર આપી શકાય, ઘરમાં રહેનારા 'તૂટે' એનું તો વળતર શું આપી શકાય? આવું જ પર્યાવરણની બાબતમાં બને છે. યુદ્ધના જોશમાં હોશ ખોઈને માણસ એટલો વિનાશ વેરે છે કે એમાં પ્રકૃતિને અમર્યાદ નુકસાન પહોંચી જાય છે. પ્રકૃતિને થયેલી ક્ષતિનો કોઈ હિસાબ ક્યારેય માંડી શકાતો નથી.

યુદ્ધથી પ્રકૃતિને, પર્યાવરણને જે નુકસાન થાય છે એ લાંબાંગાળે ગંભીર પરિણામો લાવે છે. યુદ્ધજન્ય પ્રદૂષણ સેંકડો દેશોના પ્રદૂષણ કરતાં વધારે છે.

માણસે પ્રદૂષણ ફેલાવવામાં છેલ્લી એક સદીમાં જબરો 'વિકાસ' કર્યો છે. વાયુ-જળ-ભૂમિ પ્રદૂષણ ઉપરાંત અંતરીક્ષ પ્રદૂષિત કર્યું, દરિયો પ્રદૂષિત કર્યો, નદી-તળાવો પ્રદૂષિત કર્યા. પર્વતો-જંગલોમાં છૂટથી પ્રદૂષણ ફેલાવ્યું. જયાં માનવીની હાજરી ઓછી છે એવા એન્ટાર્કિટકાથી લઈને જયાં પહોંચવું પડકારજનક છે એવા એવરેસ્ટ સુધી બધેય પ્રદૂષણ પહોંચી ગયું છે. એક પ્રકારના પ્રદૂષણ સામે જાગૃતિ આવે ત્યાં બીજા પ્રકારનું પ્રદૂષણ માથું ઊંચકવા તૈયાર થઈ જાય એવી સ્થિતિ સર્જી દીધી. હજુ આપણે પ્લાસ્ટિક પ્રદૂષણને પહોંચી નથી વળ્યાં ત્યાં વળી ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટના નામે નવો કચરાનો ઢગલો સર્જાઈ ચૂક્યો છે.

આ બધું ઓછું હોય તેમ માણસે યુદ્ધો લડીને પ્રદૂષણ ફેલાવવાનું શરૂ કર્યું છે, જેને કહેવાય છે વૉર પોલ્યૂશન. યુદ્ધમાં સામ-સામા હુમલા થાય ત્યારે એનાથી કેટલું નુકસાન પહોંચાડી શકાયું? નિશાન બરાબર સાધી શકાયું કે નહીં? તેની ધારી અસર થઈ કે નહીં? આ બધા ફેક્ટર્સ વિચારવામાં આવે છે, પરંતુ હુમલામાં મિસાઈલોથી પર્યાવરણનો કચ્ચરઘાણ વળે છે એ દિશામાં બહુ વિચાર થતો નથી. હજારો વૃક્ષો ધ્વસ્ત થાય છે. ખેતરોમાં ઉભો પાક બળીને ખાક થાય છે. કેટલાય સજીવોના મોત થાય છે. એની સીધી અસર ઈકોસિસ્ટમ પર તો થાય જ છે, પરંતુ શસ્ત્રોના કારણે જે પ્રદૂષણ ફેલાય છે તે પર્યાવરણને એનાથીય વધારે નુકસાન પહોંચાડે છે. રશિયા-યુક્રેન છેલ્લાં ચાર વર્ષથી સામ-સામા હુમલા કરે છે. અમેરિકા-ઈઝરાયલે ઈરાનમાં હુમલા આ ધુમાડો જોઈને આપણે એની વિનાશકતાનું વિચારીએ છીએ એટલું એનાથી પર્યાવરણ પર થતી અસરનું વિચારતા નથી. ધુમાડાના ગોટેગોટા ઉઠીને હવામાં ભળી જાય છે એનું શું થાય છે? કર્યા એના દૃશ્યો તો સાવ તાજાં છે, ઈરાને વળતા હુમલામાં રિફાઈનરીઓ પર એટેક કર્યા એના વીડિયો પણ સામે આવ્યા છે. એ હુમલામાં તુરંત ધ્યાનમાં આવે એવું શું છે? ધુમાડો!

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે મહત્ત્વના સમાચાર: લેઝર શો અને નર્મદા આરતીના સમયમાં ફેરફાર



નર્મદા જિલ્લાના એકતા નગર સ્થિત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે આવતા પ્રવાસીઓ માટે વહીવટી તંત્ર દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આગામી પહેલી એપ્રિલ ૨૦૨૬થી પ્રોજેક્શન મેપિંગ (લેઝર શો) અને નર્મદા મહાઆરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઉનાળાની ઋતુની શરૂઆત થતાં દિવસ લાંબો થયો છે, જેના કારણે સાંજે ૭:૧૫ કલાકે સૂર્યપ્રકાશ વધુ હોવાથી લેઝર શોની સ્પષ્ટતા પર અસર પડતી હતી. પ્રવાસીઓ આ ભવ્ય શોનો પૂરો આનંદ માણી શકે તે હેતુથી સત્તામંડળ દ્વારા સમય લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રોજેક્શન મેપિંગ (લેઝર શો): હવે સાંજે ૦૭:૩૦ કલાકે શરૂ થશે (જૂનો સમય ૦૭:૧૫ હતો).

નર્મદા મહાઆરતી: હવે સાંજે ૦૮:૧૫ કલાકે યોજાશે (જૂનો સમય ૦૮:૦૦ હતો). સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલા ગોરા ઘાટ પર આયોજિત થતી નર્મદા મહાઆરતી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. કાશીની ગંગા આરતીની તર્જ પર યોજાતી આ આરતીમાં ભક્તો મા નર્મદાની સ્તુતિ અને વંદના કરે છે. જયારે સેંકડો દીવાઓ અને મંત્રોચ્ચાર સાથે નર્મદા મૈયાનું પૂજન કરવામાં આવે છે, ત્યારે વાતાવરણ એકદમ ભક્તિમય બની જાય છે. લેઝર શો જોયા બાદ પ્રવાસીઓ આ શાંત અને દિવ્ય અનુભવનો લાભ લઈ શકે તે માટે જ આરતીનો સમય પણ તે મુજબ ગોઠવવામાં આવ્યો છે.

# રાશીફળ

**મેષ** -શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધામાં ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**વૃષભ** -સ્થાયી મિલકતની ખરીદનો યોગ છે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**મિથુન**-વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક યાત્રાનો યોગ. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા વગેરેનો યોગ. ઘરમાં મહેમાનનું આગમન થશે.પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**કર્ક** -આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ. કુટુંબમાં માંગલિક કાર્ય થશે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ. કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ**-ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યો માટે વિશેષ યાત્રા. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.

**કન્યા**-કોઈના ભરોસે ન રહેતા પોતાનું કામ પોતે જ કરવું. પાછલા અટકેલા કાર્યોની તરફ ધ્યાન આપીને પ્રયત્ન કરવા પર સારા પરિણામ આવવાની શક્યતા છે. ધન તેમજ સમય પસાર થવાનો યોગ.યાત્રા થઈ શકે છે.

**તુલા**-કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. અપરણિતોનાં લ સંબંધી યોગ.ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**વૃશ્ચિક** -નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

**ધન**-કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે. સત્સંગ થશે.યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**મકર** અર્થની પ્રાપ્તિનો યોગ છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ આવશે. માતા-પિતાની ચિંતાઓ દૂર થશે. કાર્યોમાં વિલંબ થવાનો યોગ છે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે.

**કુંભ**-શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ, શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ.

**મીન**-જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે. વરિષ્ઠ સામાજિક વ્યક્તિઓથી વિવાદ થશે.જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે.

# ઋષભ શેટ્ટીએ કાંતારાની અભિનેત્રી રુકમણિ વસંતને અનફોલો કર્યા



મુંબઇ : ઋષભ શેટ્ટીની કાંતારા અને કાંતારા ચેપ્ટર વને બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી હતી. જેમાથી કાંતારા ચેપ્ટર વનમાં અભિનેતા અને રુકમણિ વસંતની જોડી હતી. હવે અભિનેતા અભિનેત્રી રુકમણી વસંત અને રાજ બી શેટ્ટી કો ઇન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધા છેઆ ઉપરાંત ફિલ્મસર્જક અને પ્રોડકશન બેનર ટીમને પણ અનફોલો કરી દીધા છે. તેમના ફોલોઇંગ લિસ્ટમાં તેનું નામ ક્યાંય જોવા મળતું નથી.આ પરથી અટકળ થઇ રહી છે કે ઋષભ શેટ્ટીને કાંતારા ટીમ સાથે અણબનાવ થઇ ગયો છે.

ઋષભ શેટ્ટીએ આ બાબતે કોઇ સ્પષ્ટતા કરી નથી, તેમજ ફિલ્મની ટીમ તરફથી પણ કોઇ પ્રતિસાદ આવ્યો નથી.

અભિનેતા જલદી જ માઈથોલોજિકલ ફિલ્મ જય હનુમાનમાં મુખ્ય રોલમાં જોવા મળશે.

# IPL ૨૦૨૬ ની પહેલી મેચમાં જ વિવાદ, સોલ્ટે પકડેલા કેચ પર દિગ્ગજોએ ઊઠાવ્યા સવાલ




IPL ૨૦૨૬ ની શરૂઆત ધમાકેદાર અંદાજમાં થઈ છે. વિરાટ કોહલીના ૬૯ રનની ધમાકેદાર ઈનિંગના દમ પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૨૦૨ રનના ટાર્ગેટને માત્ર ૧૫.૪ ઓવરમાં સરળતાથી ચેઝ કરી લીધો. જોકે, આ મેચ દરમિયાન એક વિવાદ થયો, જે ખૂબ ચર્ચામાં આવ્યો. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વૉને અમ્પાયરના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. આને IPL ૨૦૨૬ નો પહેલો વિવાદ પણ કહેવામાં આવી રહ્યો છે. તો ચાલો જાણીએ આ સમગ્ર મામલો.

આ વિવાદ ફિલ સોલ્ટે પકડેલા કેચથી શરૂ થયો છે. ૧૪મી ઓવરના પહેલા બોલ પર હેનરિક ક્લાસેને મોટો શોટ મારવાનો પ્રયાસ કર્યો પરંતુ ચિન્નાસ્વામીની નાની બાઉન્ડ્રીને પાર કરવામાં નિષ્ફળ ગયો. ત્યાં હાજર ફિલ સોલ્ટે શાનદાર કેચ પકડ્યો, પરંતુ કેચ પકડતી વખતે તે બાઉન્ડ્રી રોપની ખૂબ નજીક હતો.

અમ્પાયરે તરત જ નિર્ણય થર્ડ અમ્પાયરને રેફર કર્યો. રિપ્લેમાં થર્ડ અમ્પાયરે જોયું કે, સોલ્ટ મિડ-વિકેટ પર બાઉન્ડ્રી લાઈનની ખૂબ જ નજીક હતો. તે બાઉન્ડ્રી રોપને સ્પર્શ્યો હતો કે નહીં તે કહેવું મુશ્કેલ હતું. પરંતુ થર્ડ અમ્પાયરે કહ્યું કે, મને કુશનમાં કોઈ હિલચાલ નથી દેખાઈ રહી. જેના કારણે તેમણે ક્લાસેનને આઉટ જાહેર કર્યો.


જોકે, ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વૉનનો મત અલગ છે. તેમણે X પર આ મુદ્દો ઉઠાવતા લખ્યું કે, 'મને એવું લાગ્યું કે પગ બાઉન્ડ્રી સ્પોન્જને સ્પર્શી ગયો હોય... આ RCBમાટે એક મોટો નિર્ણય છે. મને સમજાતું નથી કે તમે કેવી રીતે કહી શકો છો અને ખાતરી કરી શકો છો કે પગનો કોઈ ભાગ સ્પોન્જને સ્પર્શ્યો નથી... અને સ્પોન્જ હલી ગયો... થોડો ઈશારો...'

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯ મી સિઝનનો પ્રથમ મુકાબલો શનિવારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગાલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાયો હતો. જેમાં RCBએ ટોસ જીતી બોલિંગ પસંદ કરી હતી, પ્રથમ બેટિંગમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૯ વિકેટના નુકસાન પર ૨૦૧ બનાવ્યા હતા. મોટા ટાર્ગેટને પાર પાડવા ઉતરેલી RCB ટીમે ૧૫.૪ ઓવરમાં ૪ વિકેટના નુકસાન પર આસાનીથી ૬ વિકેટે જીત મેળવી IPLમાં ધમાકેદાર શરૂઆત કરી હતી.

## પ્રજા પંખ અખબારને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સુરત તરફથી વિશેષ સન્માન, લોક અદાલત જાગૃતિમાં નોધપાત્ર યોગદાન



પ્રકાશ ભાવસાર વતી એડવોકેટ શ્રી ભરત પંડિતએ આ સન્માન સ્વીકાર્યું.



D. R. Joshi
Secretary
District Legal Services Authority
& Principal District Judge, Surat

District Legal Services Authority Surat

Date : 16 / 03 / 2026

To,
Prakash Bhavsar, Praja Pankh

I sincerely appreciate your dedicated support and assiduous efforts in promoting awareness for Lok Adalat that ensured the grand success of the First National Mega Lok Adalat for the year 2026, held on 14-03-2026.

Your ethical reporting, in-depth coverage and awareness promoting content significantly contributed to the consecutive success of the Lok Adalat. Hon'ble Supreme Court of India always emphasizes in spreading awareness in community for effective and economical justice delivery system in form of Lok Adalat. My heartfelt thanks to you and your dedicated team for your contributions. I am anticipating the same synergy and endeavor in upcoming Lok Adalat and other DLSA awareness projects.

With warm regards,

D. R. Joshi
Secretary
District Legal Services Authority
Surat

શુભેચ્છા પત્ર

**પ્રજા પંખ, સુરતઃ** લોક અદાલત અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે સતત અને સમર્પિત પ્રયત્નો બદલ પ્રજા પંખ અખબારના મેનેજિંગ એડિટર પ્રકાશ ભાવસારને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત દ્વારા વિશેષ અભિનંદન અને સન્માન આપવામાં આવ્યું છે. ૧૪-૦૩-૨૦૨૬ ના રોજ યોજાયેલ વર્ષ ૨૦૨૬ ની પ્રથમ રાષ્ટ્રીય મેગા લોક અદાલતને ભવ્ય સફળતા અપાવવામાં પ્રજા પંખ અખબારનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. અખબારે પોતાના નૈતિક અહેવાલો, ઊંડાણપૂર્વકના આવરણ અને જાગૃતિ ફેલાવતી માહિતીસભર સામગ્રી દ્વારા સમાજના દરેક વર્ગ સુધી લોક અદાલતના મહત્વને સફળતાપૂર્વક પહોંચાડ્યું છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ડી. આર. જોષી સાહેબે પ્રકાશ ભાવસાર અને તેમની ટીમના કાર્યની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આવા જાગૃતિ અભિયાનોથી સામાન્ય નાગરિકોને સરળ અને ઓછા ખર્ચે ન્યાય પ્રાપ્ત કરવાની દિશામાં વિશેષ પ્રોત્સાહન મળે છે. માનનીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા પણ લોક અદાલત છે.

જેવા અસરકારક ન્યાયિક ઉપાયો માટે જાગૃતિ ફેલાવવા પર ભાર મુકવામાં આવે છે, જેમાં મીડિયાનો મહત્વનો ફાળો રહે છે. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ડી. આર. જોષી સાહેબ દ્વારા શુભેચ્છા પાઠવતા સમયે પ્રકાશ ભાવસાર વતી એડવોકેટ શ્રી ભરત પંડિતએ આ સન્માન સ્વીકાર્યું હતું. આ અવસરે તેમનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રકાશ ભાવસારએ આ સન્માન માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું કે વીકલી પ્રજા પંખ અખબાર તથા સોશિયલ મીડિયા ન્યૂઝ હંમેશાં સમાજહિતના મુદ્દાઓ પર નિષ્ઠાપૂર્વક કાર્ય કરતું રહેશે અને આવનારા સમયમાં પણ લોક અદાલત તથા અન્ય જાગૃતિ અભિયાનોમાં સક્રિય સહયોગ આપતું રહેશે.

આવા સન્માનો સમાજમાં સકારાત્મક પત્રકારિતાને પ્રોત્સાહન આપે છે તેમજ અન્ય મીડિયા પ્રતિનિધિઓને પણ સમાજહિત માટે કાર્ય કરવાની પ્રેરણા પૂરી પાડે છે.

## અંબાજી ખાતે શિક્ષણ વિભાગના પેન્શનરોનું સ્નેહ મિલન યોજાયું

# ઉત્તર ગુજરાત ઝોનમાં સમાવિષ્ટ મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લાના પેન્શનર મિત્રો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

### શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનું મંડળ ગાંધીનગરના હોદ્દેદારોએ પણ હાજરી આપી






**પ્રજા પંખ ગાંધીનગર :** શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનું મંડળ ગાંધીનગરના ઉપક્રમે અંબાજી ખાતે ઉત્તર ગુજરાત ઝોનમાં સમાવિષ્ટ મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના સભ્યનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ.


સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સભ્યોનું ગુલાબ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.ત્યારબાદ બી.ડી. મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજીની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આ કાર્યક્રમ એસ.એસ. વાઘેલા નિવૃત્ત આસિસ્ટન્ટ કલેકટર અને પ્રમુખ બનાસકાંઠા જિલ્લા પેન્શનર્સ એસોસિએશનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનું મંડળ ગાંધીનગરના પ્રમુખ આઈ.કે. પટેલ તથા મહામંત્રી જી.કે. પરમાર હાજર રહ્યા હતા. આ ઉપરાંત મંડળના અન્ય હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યો ભગુભાઈ સિંઘલ, ઉમેશભાઈ ત્રિવેદી,આઈ.એસ. લવાર, જયેન્દ્રભાઈ વ્યાસ,ડી.જી. સોલંકી, હસમુખભાઈ શર્મા તથા કાળુભાઈ પટેલે પણ હાજરી આપી હતી.

અમદાવાદ જિલ્લા યુનિટના સહમંત્રી નવીનભાઈ વાણિયા તેમ જ બનાસકાંઠા જિલ્લા કન્વીનર ખેગારભાઈ સોલંકી,પાટણ જીલ્લા કન્વીનર સુરેશભાઈ સોની,સાબરકાંઠા જિલ્લા કન્વીનર વસંતભાઈ પંચાલ અને જામનગર જિલ્લા કન્વીનર વિઠ્ઠલભાઈ ધોળકિયા અને અલગ અલગ જિલ્લાના મંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ઉત્તર ગુજરાત ઝોનના ઉપ પ્રમુખ રમણભાઈ પટણીએ કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો અને હોદ્દેદારોનું પુષ્પગુચ્છ અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. મંડળના સભ્યોએ પણ તેઓના પ્રતિભાવ રજુ કર્યા હતા.પ્રમુખ આઈ.કે.પટેલે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે, ઉત્તર ગુજરાત ઝોનના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં અલગ અલગ જીલ્લાના મંડળના સભ્યો હાજર રહ્યા તેનો આનંદ છે. મંડળ દ્વારા ભવિષ્યમાં યોજવામાં આવનાર કાર્યક્રમમાં આ જ રીતે બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવી હતી. મહામંત્રી જી.કે. પરમારે જણાવ્યું કે, આપણો સંબંધ 'કામ'થી શરૂ થયો હતો પણ આજે એ 'લાગણી'માં બદલાઈ ગયો છે. જેમ અલગ અલગ ફૂલો હોય પણ માળા એક હોય છે તેમ આપણે ભલે અલગ અલગ કચેરીઓમાં કામ કર્યું હોય પણ આજે આપણે 'પેન્શનર્સ પરિવાર' તરીકે એક છીએ. આપણે નિવૃત્તિ પછીના આ સમયને ભાર ગણવાને બદલે તેને જીવવાની નવી તક ગણીએ. એકબીજા સાથે સંપર્કમાં રહીએ અને જરૂર પડે ત્યારે એકબીજાની વહારે આવીએ.મંડળના સભ્યો પણ તેમના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, મંડળ દ્વારા આવા કાર્યક્રમો યોજી અલગ અલગ કચેરીઓમાંથી નિવૃત્ત થયેલા મિત્રોને એક જ મંચ ઉપર ભેગા કરવાનું ભગીરથ કાર્ય કરે છે તે સરાહનીય છે.ઉત્તર ગુજરાત ઝોનના ઉપ પ્રમુખ રમણભાઈ પટણી દ્વારા આ કાર્યક્રમનું આયોજન તેમના સ્વખર્ચે કરવામાં આવ્યું હતું.

તેઓએ કાર્યક્રમ ઉપસ્થિત રહેલા તમામ સભ્યોને યાદગીરી રૂપે આકર્ષક ભેટ પણ આપી હતી. ઉપસ્થિત સભ્યોએ નોકરી દરમિયાનના સંસ્મરણો તાજા કર્યા હતા અને એક બીજાને નીરોગી દીર્ઘાયુ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપલ પરમારે કર્યું હતું અને આભાર વિધિ ઉત્તર ગુજરાત ઝોનના સહમંત્રી નારણભાઈ પ્રજાપતિએ કરી હતી.

## નર્મદા પર નવી કડીઃ મોટી કોરલથી કૃષ્ણપુરી ભાલોદ સુધી રૂા. ૨૦૭ કરોડનો બ્રિજ મંજૂર દંડક પૂર્ણેશ મોદીની ભલામણથી પ્રોજેક્ટને ગ્રીન સિગ્નલ









**પ્રજા પંખ, સુરત :** ગુજરાત સરકાર દ્વારા નર્મદા નદી પર વિકાસના મહત્વપૂર્ણ પગલાં હેઠળ વડોદરા જિલ્લાના મોટી કોરલ ગામથી કૃષ્ણપુરી ભાલોદ સુધી નવા બ્રિજના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ બ્રિજ માટે રૂ. ૨૦૭ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. વર્ષો જૂની માંગ આશા પૂરી માતાના આશીર્વાદથી આજે પૂર્ણ થતા વિસ્તારમાં ઉત્સવનો માહોલ સર્જાયો છે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ વિધાનસભા દંડક પૂર્ણેશ મોદી ની ભલામણના આધારે મંજૂર કરવામાં આવ્યો છે, જે વિસ્તારમાં આવનારા સમયમાં પરિવહન અને વિકાસને નવી દિશા આપશે.

આ બ્રિજનું ભૂમિપૂજન તા. ૨૨ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. ભૂમિપૂજન વિધિ પરમ પૂજ્ય મુન્નાભાઈના હસ્તે સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે કરજણના માનનીય ધારાસભ્ય અક્ષય પટેલ સહિત અન્ય આગેવાનો, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો હાજર રહ્યા હતા. આ બ્રિજ બનવાથી વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોને જોડાણમાં સરળતા મળશે તેમજ વેપાર, પરિવહન અને સામાજિક વિકાસને પણ ગતિ મળશે.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની વિકાસશીલ ગુજરાતની દિશામાં આ એક નવી કેડી કંડારાઈ છે. આમ જનતામાં ખુશી અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વેરામાં ૧૦૦% વ્યાજ માફી છતાં ૮૦૦ કરોડમાંથી માત્ર ૧૩૫ કરોડની વસૂલાત



સુરત- વર્ષો જૂના બાકી વેરાની વસૂલાત માટે પાલિકાએ અમલમાં મૂકેલી ઐતિહાસિક વ્યાજ-પેનલ્ટી માફી યોજનાને આડે હવે માંડ ૨ દિવસ બાકી છે. મિલકતદારો માટે વ્યાજમાં ૧૦૦ ટકા રાહત મેળવવાની આ છેલ્લી તક છે. ૩૧ માર્ચે યોજના પૂરી થશે. માર્ચ એન્ડિંગને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે પાલિકા કમિશનરે તમામ મિલકતદારોને વેરો ભરી દેવા તાકીદ કરી હતી.

આકારણી ચોપડે વર્ષોથી રૂ. ૮૦૦ કરોડથી વધુનો મિલકતવેરો બાકી બોલે છે. આ રકમ વસૂલવા તંત્રએ વ્યાજ માફી આપી હતી, જેમાં અત્યાર સુધીમાં ૧૩૫ કરોડની રિકવરી થઈ છે. હજુ પણ મોટી સંખ્યામાં એવા મિલકતદારો છે જેમણે આ યોજનાનો લાભ લીધો નથી.

જો ૩૧ માર્ચ સુધીમાં વેરો નહીં ભરાય તો ૧ એપ્રિલથી પૂરેપૂરું વ્યાજ ચૂકવવું પડશે અને મિલકત સીલ પણ થઈ શકે છે. નોંધીય છે કે, જો મિલકત પર વર્ષોનું વ્યાજ ચડી ગયું હોય તો આ બે દિવસ ગોલ્ડન ચાન્સ છે. રૂ. ૧ની પેનલ્ટી વગર માત્ર મુદ્દલ રકમ ભરીને દેવા મુક્ત થઈ શકાશે.

પાલિકાના તમામ ઝોનની સિવિક સેન્ટરની બારીઓ પર ભારે ધસારો જોવા મળી રહ્યો છે. છેલ્લી ઘડીએ સર્વર ડાઉન થવાની કે લાંબી કતારોની માથાકૂટથી બચવા માટે તંત્રએ ઓનલાઈન પેમેન્ટની સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે.

## PMના ગુજરાત પ્રવાસ બાદ ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત, કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપ કાર્યાલયમાં દાવેદોરાના બાયોડેટાની થપ્પી લાગી

આગામી મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે ચૂંટણી લડીને કોર્પોરેટરો બનવા ઇચ્છતા નેતાઓ અને કાર્યકર્તાઓની ભાજપના ગાંધીનગર કમલમ અને અમદાવાદમાં ખાનપુર કાર્યાલય ખાતે આંટાફેરા વધી ગયા છે. અમદાવાદમાં ૧૯૨ સીટ ઉપર ચૂંટણી લડવા માટે અત્યાર સુધીમાં ભાજપના ખાનપુર કાર્યાલય ખાતે ૫૦૦થી વધુ ઉમેદવારના બાયોડેટા આવી ચૂક્યા છે. કાર્યકર્તાઓથી લઈને પૂર્વ કોર્પોરેટરો શહેર પ્રમુખની ઓફિસમાં આવીને પોતાનો બાયોડેટા આપી રહ્યા છે. કેટલાક કાર્યકર્તાઓ ટિકિટ માટે ખાસ પ્રમુખને મળવા માટે કાર્યાલય ખાતે બેસી રહે છે અને ફોન મેસેજ મારફતે પણ ખોટે ટિકિટ મેળવવા માટે ઇચ્છુક એવું કહી રહ્યા છે. ભાજપના પ્રમુખ તરફથી કહેવામાં આવી રહ્યું છે કે, તમારી જે પણ લાગણી કે માગણી હોય તે ક્યારે નિરીક્ષક આવે ત્યારે ત્યાં કરજો.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના પડઘમ વાગી ચૂક્યા છે. ચૂંટણીને લઈને ગુજરાત ભાજપ દ્વારા તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ચૂંટણીની તૈયારીઓમાં ભાજપના જૂના જોગીઓથી લઈને સિનિયર નેતાઓની હવે ગણતરી કરવામાં આવી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જીતવા માટે જવાબદારીઓ સિનિયર કાર્યકર્તા- નેતાઓને આપવામાં આવી છે. નિરીક્ષકોના નામ નક્કી થઈ ગયા છે પરંતુ કોણ ક્યાં ચૂંટણી નિરીક્ષક તરીકે જશે એની પહેલેથી લોકોને જાણ ન થાય તેના માટે બધાને ઇમેલ મારફતે જાણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

## કોગ્રેસે સ્થાનિક સ્વરાજય ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરીઃમાંગરોળ, પીપોદરા જિલ્લા પંચાયત બેઠકો પર સંભવિત ઉમેદવારોની સમીક્ષા

સુરત- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નજીક આવતા કોગ્રેસે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી છે. આ અંતર્ગત સુરતના માંગરોળ અને પીપોદરા જિલ્લા પંચાયત બેઠકો પર સંભવિત ઉમેદવારોની દાવેદારી અંગે સમીક્ષા બેઠકો યોજાઈ હતી.

આગામી સમયમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ થવાનું છે. આ પૂર્વે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.માંગરોળ તાલુકામાં ભાજપ દ્વારા સંગઠન સાથે ટિફિન બેઠકો શરૂ કરાઈ છે, ત્યારે કોગ્રેસે માંગરોળ જિલ્લા પંચાયતની પાંચ અને તાલુકા પંચાયતની પચીસ બેઠકો માટે સંભવિત ઉમેદવારો સાથે સમીક્ષા બેઠકો યોજવાનું શરૂ કર્યું છે.

બે દિવસ અગાઉ ઝંખવાવ જિલ્લા પંચાયત બેઠક પર સમીક્ષા બેઠક યોજાઈ હતી. આજે બીજા તબક્કામાં તાલુકા મથકની માંગરોળ જિલ્લા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ કોસાડી, લુવારા, ગિજરમ, કંટવા અને લીંબાડા સહિતની પાંચ તાલુકા પંચાયત બેઠકો પર બેઠક યોજાઈ. જેમાં સ્થાનિક કોગ્રેસના કાર્યકરોએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

આ ઉપરાંત, પીપોદરા જિલ્લા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ લીમોદરા, મોટા બોરસરા, પાલોદ, હથોડા અને પીપોદરા સહિતની બેઠકો પર પણ સમીક્ષા બેઠકો યોજાઈ. આ બેઠકોમાં કોગ્રેસના પ્રભારી



દિનેશભાઈ દાગલીયાએ કાર્યકરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તાલુકા કોગ્રેસ સમિતિના પ્રમુખ વિરેન્દ્રસિંહ ખેર અને અન્ય આગેવાનો પણ આ સમીક્ષા બેઠકોમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજય સંસ્થાની ચૂંટણી-૨૦૨૬ ને અનુલક્ષીને ભાજપ દ્વારા ચૂંટણી કાર્યાલયોના પ્રારંભનો ધમધમાટ

## ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ ની ઉપસ્થિતિમાં વોર્ડ ૩૦ નું ઉધ્ઘાટન કરતાં સુરત મહાનગર પ્રમુખ પરેશ પટેલ





**પ્રજા પંખ સુરત :** સ્થાનિક સ્વરાજય સંસ્થાની સામાન્ય ચૂંટણી - ૨૦૨૬ને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક તૈયારીઓ તેજ બનાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં ચૂંટણી કાર્યાલયોના પ્રારંભનો ધમધમાટ શરૂ થયો છે.

આ જ અનુલક્ષીને સુરત મહાનગરના વોર્ડ નં. ૩૦ (કનસાડ - સચિન - ઉન - આભવા) ખાતે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્દઘાટન ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈના સાનિધ્યમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચોર્યાસી એમએલએ સંદીપ દેસાઈ, સુરત મહાનગર ભાજપના પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, વોર્ડ પ્રમુખ શ્રી તેજસભાઈ આહીર, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી ચંપકભાઈ પરમાર, યુવા મોરચાના મહામંત્રી શ્રી ઉર્વેશ પટેલ, મહામંત્રી શ્રી મનોજસિંહ સોલંકી, શ્રી મુકેશભાઈ પટેલ, પૂર્વ કોર્પોરેટર શ્રી ચિરાગસિંહ સોલંકી, શ્રી હસમુખભાઈ નાયકા, શ્રીમતી પિયુષાબેન પટેલ સહિત પાર્ટીના હોદ્દેદારશ્રીઓ અને આગેવાનશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી દ્વારા આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યાલયોની શરૂઆત કરીને સંગઠનને વધુ મજબૂત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. કાર્યાલયોના માધ્યમથી કાર્યકરો અને મતદારો વચ્ચે વધુ સુસંગતતા ઉભી કરીને વિકાસના મુદ્દાઓને કેન્દ્રમાં રાખી ચૂંટણી પ્રચાર કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા કાર્યકરોને ચૂંટણીમાં સક્રિય ભાગ લેવા અને પક્ષને વિજયી બનાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

## ડુમસ સી-ફેસ ખાતે શ્રમદાન કાર્યક્રમઃ

# મનપા કમિશનર અને પૂર્વ મેયર સહિત ૪૦૦૦થી વધુ શહેરીજનોએ સફાઈ હાથ ધરી ડુમ્મસ સી ફેસને ચમકાવ્યો, ૨૧૨ કિલો કચરાનો નિકાલ કરાયો



**પ્રજાપંખ દ્વારા : સુરત-** સુરત મહાનગરપાલિકા દ્વારા આજે રવિવારે સવારે શહેરના નવનિર્મિત અને લોકપ્રિય પર્યટન સ્થળ ડુમસ સી-ફેસ ખાતે એક વિશાળ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જ લોકાર્પણ થયેલ આ સ્થળ સુરતવાસીઓ અને આસપાસના પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, ખાસ કરીને વીકેન્ડમાં અહીં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. જયાં આજે અનેક લોકોએ ભેગા મળીને આપ સફાઈ હાથ ધરી હતી.

શહેરની જાણીતી ગધ જેવી કે 'ઇનોવેટીવ ફોર ઇન્ડિયા' અને 'ક્લીનઅપ સુરત' ના સ્વયંસેવકો, સોશિયલ મીડિયા ક્રિએટર્સ અને ૪૦૦૦ થી વધુ જાગૃત શહેરીજનોએ આ શ્રમદાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કમિશનર એમ નાગરાજન અને પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ ખુદ કચરો ઉપાડ્યો હતો અને લોકોને સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરી હતી અનેક લોકોએ આ સફાઈ ઝુંબેશમાં ભાગ લીધો હતો અને ડુમ્મસ સી ફેસને ચમકાવ્યો હતો.

કમિશનર એમ.નાગરાજને જણાવ્યું હતું કે, સુરત ડુમસ સી-ફેસ ખાતે આજે ક્રિએટર્સના માધ્યમથી લોકો સુધી સ્વચ્છતાનો સંદેશ આપવા માટેનો એક પ્રયત્ન કર્યો છે. સાથે શ્રમદાનનું આયોજન કર્યું છે. જે ક્રિએટર ઇકોનોમી છે એની અંદર લોકોના ઘર સુધી પહોંચવા માટેનું જે પ્લેટફોર્મ ડિજિટલ માધ્યમથી ઊભું થયું છે. આ માધ્યમને અપનાવીને સ્વચ્છતાનો સંદેશ આપીને ઘરે-ઘરેમાં સૂકો કચરો અને ભીના કચરાને અલગ કરવાનો મુહિમ દરેક ભાઈ-ભાઈઓ, બહેનો, બાળકો, યુવાનો પણ હાથ ધરે અને કચરાને અલગ કરવાથી એનું પર્યાવરણનું જતન થાય અને આર્થિક રીતે પણ આપણને ફાયદો થઈ શકે અને રિસાયકલ-રિડ્યુસ બાબતમાં પણ ઉપયોગી થાય.

સુરત જયારે વિશ્વ કક્ષાએ નામના મેળવી રહ્યું છે ત્યારે સ્વચ્છતામાં પણ આપણું જે કામ છે એ વિશ્વ કક્ષાનું હોય, અભિગમ મોટો હોય અને બેસ્ટ હોય એના માટેનો આ પ્રયત્ન છે. એમાં ક્રિએટર્સનો રોલ ખૂબ અગત્યનો છે અને એમને આજે સાથે રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રમદાન દરમિયાન ઉપસ્થિત લોકોએ સાથે મળીને ડુમસ સી-ફેસ પરથી અંદાજે ૨૧૨ કિલો જેટલો કચરો એકત્રિત કર્યો હતો. જેમાં મુખ્યત્વે પ્લાસ્ટિકની બોટલો, પાન-મસાલાના રેપર્સ, કાગળ અને પ્લાસ્ટિકની થેલીઓનો સમાવેશ થતો હતો.

કમિશનર એમ. નાગરાજને શહેરીજનોને સંબોધતા જણાવ્યું હતું કે, સ્વચ્છતાને આપણા સ્વભાવમાં લાવવી જરૂરી છે. તેમણે કચરાના વર્ગીકરણ સુકો અને ભીનો કચરો અલગ રાખવા પર ભાર મૂક્યો હતો અને સુરત શહેરનું નામ વિશ્વ સ્તરે સ્વચ્છતામાં રોશન થાય તે માટે ઉચ્ચ સ્તરની જાળવણી કરવા અપીલ કરી હતી. પર્યટન સ્થળો પર ગંદકી ન ફેલાવવા અને હંમેશા ડસ્ટબીનનો ઉપયોગ કરવા પણ ખાસ તાકીદ કરવામાં આવી હતી.

## કોસાડ આવાસ પ્રા. શાળામાં ધોરણ-૮ ના બાળકો નો વિદાય સમારોહ



**પ્રજા પંખ સુરતઃ** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત એચ ફોર કોસાડ આવાસ સ્થિત કવિ શ્રી જયંત પાઠક પ્રા. શાળામાં ધોરણ-૮ ના બાળકો નો વિદાય સમારોહ તથા શાળા ના પ્રતિભાશાળી બાળકો ના ઈનામ વિતરણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી કોમલબેન સાવલિયા મોટીવેશનલ સ્પીચ આપવા પધાર્યા હતા, એસ. એમ. સી. કમીટી ના અધ્યક્ષ શબાનાબેન, ભૂ. શિક્ષક ધીરજભાઈ જાદવ, વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

ધો-૨ ના બાળકે એકપાત્રીય અભિનય નો ઓજસ પાથર્યો હતો તથા ધો.૫ થી ૮ ના બાળકો એ જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી અને બે બાળકો એ શાળા જીવન ના અનુભવો વર્ણવ્યા હતા.ધો-૮ ના વિદાય લેતા બાળકો ને તેમના વર્ગ ટીચર ઋજુતાબેન શેઠ તરફથી ફોલ્ડર ફાઇલ આપવામાં આવી હતી, બાળકોને આઈસ્ક્રીમ વીથ કોકો આપવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી વિશાલભાઈ સુરતી એ ૧૦૦% હાજરીવાળા બાળકોને તથા વર્ગમાં સૌથી વધુ હાજરીવાળા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ નું સફળ સંચાલન હરેશભાઈ અને કરિશ્મા બેને કર્યું હતું. કાર્યક્રમ ની આભારવિધિ ઈન્ચાર્જ આચાર્યા શ્રી ઋજુતા શેઠે કરી હતી.

## ટૂંક સમયમાં ચાલશે મેટ્રો :આજથી ટ્રાયલ રન શરૂ, ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિ.મી. પર દોડી મેટ્રો



સુરત-સુરત મેટ્રો ટ્રેનના ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિ.મી.ના વાયડક્ટનું કાર્ય પૂર્ણ થયું છે સાથે સાથે આ લંબાઈમાં ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે.તેની સાથે સાથે આ લંબાઈ એટલે કે ૮.૫ કિમીના રૂટ પર ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે . જયારે ટ્રેક બિછાવવાનું તેમજ ટ્રેક્શન પાવર માટે થર્ડ રેલનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

કુલ સાત સ્ટેશન બિલ્ડિંગનું સ્ટ્રક્ચર કામ પૂર્ણ થયું છે અને એન્ટ્રી એક્ઝિટ સ્ટ્રક્ચર તથા ફિનિશિંગના કાર્યમાં નોંધપાત્ર પ્રગતિ થયેલી છે. આ ટ્રાયલમાં ટ્રેન રન આશરે ૫૦૦ કલાકનો કરવામાં આવતો હોય છે અને તેની સર્વે ચકાસણી દ્વારા પણ ચકાસણી કરવાની હોય છે. જેની આજના ટ્રાયલ રનથી શરૂઆત થઈ છે.

૧૮ જાન્યુઆરી ૨૦૨૧થી મેટ્રો રેલની કામગીરીના શ્રીગણેશ થયા હતા. ૪૦.૪૫ કિમીના બે રૂટ પર તબક્કાવાર મેટ્રો રેલ દોડશે. જેમાં ડ્રીમ સિટીથી સરથાણા (ડાયમંડ કોરિડોર) અને સારોલીથી ભેસાણ (ટેક્સટાઈલ કોરિડોર) છે.૫ વર્ષથી મેટ્રોની ચાલી રહેલી કામગીરીને કારણે શહેરીજનો હવે હાય તોબા પોકારી ઊઠ્યા છે. ટ્રાફિકની પરેશાનીની સાથે સાથે લોકોના ધંધા-રોજગાર પર પણ મોટી અસર પડી છે, ત્યારે હવે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જેથી આ સમસ્યાનો કોઈ અંત આવે,

પરંતુ મેટ્રોના સત્તાધીશોના જણાવ્યા અનુસાર જૂન ૨૦૨૬ સુધીમાં મેટ્રો ફુલફ્લેઝમાં શરૂ થઈ જશે તેમ જણાવ્યું છે. આ તારીખ બાદ મેટ્રોના શુભારંભ માટે નવી કોઈ તારીખ ના આવે તેવી આશા શહેરીજનો રાખી રહ્યા છે.

## આજે બપોરે સાંઈ સેવક ગ્રૂપ દ્વારા ભક્તિભાવથી યોજાશે પાલખી યાત્રા અને મહાપ્રસાદી

### ઊંધા પગે ચાલતા બાબા શ્રી આચાર્ય પરમહંસ સત્ય સ્વયં સાંઈબાબા પણ ભાવિકોને દર્શન આપશે- હજારો ભાવિકોને આમંત્રણ






**પ્રજા પંખ, સચીનઃ** સચીન કનકપુર વિસ્તારમાં દર વર્ષની પરંપરાને જાળવી રાખતા આ વર્ષે પણ સાંઈ સેવક ગ્રૂપ દ્વારા ભવ્ય અને દિવ્ય શ્રી સાંઈ પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬, મંગળવારના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યે પ્રારંભ થશે, જયારે સાંજે ૦૭:૦૦ વાગ્યે સુભાષચંદ્ર બોસ પ્રતિમા ચોક ખાતે થઈને આદર્શનગર ગ્રાઉન્ડ ૨૭૨૨ ભાગ્યલક્ષ્મી ખાતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંગે માહિતી આપતા સમાજસેવક સાઈભક્ત ગણપતભાઈએ જણાવ્યું હતું કે, પાલખી યાત્રા સાંઈનાથ સોસાયટી સ્થિત સાંઈ બાબા મંદિરથી ભક્તિભાવ સાથે પ્રસ્થાન કરશે. યાત્રા કનકપુર શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રેલવે ટનલ નજીક આવેલા શનિ સાંઈ મંદિર ખાતે દર્શન કરશે. ત્યારબાદ રિટર્ન રોડ થી મહાકાલ મંદિર, જયોતિ ખમણ મુખ્ય માર્ગ, મહાકાળી મંદિર, માતા ખોડિયાર મંદિર અને શ્રી જગન્નાથ મંદિર જેવા પવિત્ર સ્થળોનો પરિભ્રમણ કરીને યાત્રા સુભાષ ચોક ખાતે પહોંચશે અને અંતે ૧૩૦૮ આશાપુરી સોસાયટી ખાતે પૂર્ણ થશે.ત્યાંથી આદર્શનગર ખાતે ગ્રાઉન્ડમાં ૨૭૨૨ ભાગ્યલક્ષ્મી ખાતે

ભક્તિભાવપૂર્વક પાલખીની પૂજા-અર્ચના કરવામાં આવશે, ધૂન અને ભજન સાથે ભાવમય વાતાવરણ સર્જાશે. ત્યારબાદ સાંજે ૦૭:૦૦ વાગ્યે સાંઈબાબાને મહાપ્રસાદ અર્પણ કરી ભાવિકો માટે મહાપ્રસાદીનું વિતરણ પણ અહીં જ કરવામાં આવશે.

આ ભવ્ય પ્રસંગે અનેક મહાનુભાવો અને સંત-મહાત્માઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ખાસ કરીને, પોતાના અનોખા આધ્યાત્મિક ઉપાસનાથી પ્રખ્યાત થયેલા ભારત ભ્રમણ કરતા અને ઊંધા પગે ચાલતા બાબા શ્રી આચાર્ય પરમહંસ સત્ય સ્વયં સાંઈબાબા પણ ભાવિકોને દર્શન આપવા પધારશે, જે આ યાત્રાને વધુ પાવન બનાવશે.

સાંઈ સેવક ગ્રૂપ દ્વારા સચીન કનકપુરના તમામ ભાવિકોને આ ભવ્ય ધાર્મિક પ્રસંગમાં જોડાઈ આશીર્વાદ મેળવવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે. વધુ વિગત માટે ગણપત શામળ મોબાઈલ- ૭૦૪૧૮૦૯૧૩૧ ૭૫૭૩૮૯૨૨૫૬

## દિવ્ય સાઈ કૃપા વરસાવતો મહોત્સવ

# કનકપુરમાં ભવ્ય સાંઈ પાલખી યાત્રામાં વિશ્વ ગુરુ પરમહંસજી સ્વયં સાંઈરામ નું પાવન આગમન

**કનકપુર ખાતે આજે ભવ્ય અને આધ્યાત્મિક માહોલ વચ્ચે ત્રણ વાગે સાંઈ પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પરમ પૂજય આચાર્ય પરમહંસજી, વિશ્વ ગુરુ સ્વામી સંત શ્રી સદગુરુ શિવ સ્વયં સાંઈ રામ સતગુરુ દેવજી પધારશે અને ભક્તોને આશીર્વાદ આપશે**




**પ્રજા પંખ, સચીન-** સાંઈ ભક્ત સમાજ સેવક ગણપત ભાઈ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર ભારતભરમાં ઊંધા પગે પરિભ્રમણ કરીને સત્ય, શાંતિ અને સનાતન સંદેશ પ્રસાર કરતા પરમ પૂજય આચાર્ય પરમહંસજીનું આ આગમન ભક્તો માટે અનન્ય અને પવિત્ર અવસર છે. તેઓ વિશ્વ અખંડ અખિલ ભારતીય પૂર્ણ સ્વરૂપ સત્ય સનાતન સનાતની શાંતિ દૂત સંદેશ વાહક તરીકે જાણીતા છે.

આજ બપોરે કનકપુરના સાંઈનાથ સોસાયટી સ્થિત સાંઈબાબા મંદિરથી પ્રસ્થાન થતી સાંઈ પાલખી યાત્રામાં તેઓ સ્વયં જોડાશે અને માર્ગમાં ભક્તોને આશીર્વાદ આપશે. આ પવિત્ર યાત્રા દરમિયાન ભક્તોમાં વિશેષ ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે પરમ પૂજય આચાર્ય પરમહંસજી મિની શિરડી તીર્થ ધામ, રહસ્ય આશ્રમ, શુક્લતીર્થ કબીરવડ રોડથી આગળ, ધર્મશાળા ગામ, ઝનોર તાલુકો, જીલ્લો ભરૂચ ખાતે નર્મદા નદીના ઉત્તર તટ પર સ્થિત આશ્રમથી પધારી રહ્યા છે. આ પવિત્ર પ્રસંગે તમામ સાઈ ભક્તોને હાજર રહી આ દિવ્ય યાત્રાનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

## ગરમીમાં રાહતઃ કોબા પ્રાથમિક શાળાનાં બાળકોને ચંપલ વિતરણ



**પ્રજા પંખ ઓલપાડઃ** ઉનાળાની સખત ગરમીમાં ઘણાં વિદ્યાર્થીઓ દૂર દૂરથી શાળાએ ચાલતાં આવે છે અને ઘણીવાર તેઓ ઉઘાડા પગે પણ બળબળતા તડકામાં શાળાએ પહોંચતા હોય છે ત્યારે આવા સમયે બાળકોને થોડી રાહત મળે અને તેઓ ગરમીથી સુરક્ષિત શાળાએ આવે એવાં ઉમદા હેતુસર શાળાનાં શિક્ષિકા શ્રીમતી નીરૂબેન પટેલ દ્વારા તમામ બાળકોને નિ:શુલ્ક ચંપલ વિતરણ કરવામાં આવી હતી.

આ નાનકડું પરંતુ ખૂબ જ ઉપયોગી અને માનવતાભર્યું કાર્ય બાળકો માટે આનંદદાયક બની રહ્યું હતું. કાર્યક્રમને અંતે શાળાનાં આચાર્ય ધર્મેન્દ્ર પટેલ, શિક્ષકગણ તથા બાળકોએ નીરૂબેનનાં આ સેવાભાવી કાર્યની સરાહના કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

OWNER , PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230